જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૨/૨૦૨૩ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૫૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૩૨૨ લીટર દેશી દારૂ, ૧૦૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨ બિયર ટીન, ૧ રિક્ષા અને ૩ કાર કબજે કરી હતી.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૫૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## એ.ટી.એમ.મશીનમાં છેડછાડ કરી પૈસા લઈ ગયાઃ સમાચાર યાદી નં.૨૫૫/૨૦૨૩

**સેટેલાઈટઃ** સેટેલાઇટ રોડ ઇસ્કોન પાર્ક કોમ્પલેક્ષ ગ્રાઉન્ડ ફ્લોર આર.બી.એલ બેંક ખાતે નોકરી કરતા નમનભાઇ સુધાકરભાઇ કંસારા (રહે. સ્વામિનારાયણ પાર્ક-૪ સ્વામિનારાયણ પાર્ક-૧ પાસે રાજય સીટી રોડ વાસણા) એ તા.૦૮/૦૨/૨૦૨૩ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૧૦/૨૦૨૨ રાતના ૧૨/૦૦ થી સવારના ૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સેટેલાઇટ રોડ ઇસ્કોન પાર્ક કોમ્પલેક્ષ ગ્રાઉન્ડ ફ્લોર આર.બી.એલ બેંક એ.ટી.એમ સેન્ટર ખાતે બે પુરૂષોએ એ.ટી.એમ.મશીનમાં છેડછાડ કરી એ.ટી.એમ.મશીનમાંથી અલગ-અલગ એ.ટી.એમ.કાર્ડ દ્વારા રૂપિયા ૨,૯૦,૦૦૦/- ઉપાડી લીધા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એ.રાઠોડ ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૨૫૬/૨૦૨૩

**ખોખરાઃ** બિપીનચંદ્ર ચિમનલાલ પંડ્યા (રહે. ત્રિપદા સોસાયટી ગોરનો કુવો ચેહરમાતાના મંદિરની બાજુમા ખોખરા) એ તા.૦૮/૦૨/૨૦૨૩ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૨/૨૦૨૩ કલાક ૧૦/૦૦ થી તા.૦૮/૦૨/૨૦૨૩ બપોરના ૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાના તાળા-નકુચા તોડી અજાણી વ્યક્તિ ઘરમા પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૯૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.પી.વિડજા ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૫૭/૨૦૨૩</u>**

**એસ.જી.-૨ ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** અરવિંદભાઇ શાંતિલાલ થાનકી (ઉ.વ.૬૦)(રહે.હરસિધ્ધ પાર્ક સોસાયટી, રાણીપ) તા.૦૭/૦૨/૨૦૨૩ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે એસ.જી.હાઇ-વે પકવાન બ્રીજના છેડે હોટલ ગ્રાન્ડ ભગવતી સામે ચાલતા રસ્તો ક્રોસ કરતા હતા ત્યારે અજાણ્યા વાહનના ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી અરવિંદભાઇને ટક્કર મારતા ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૯/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર અરવિંદભાઇના પુત્ર રોનકભાઇ થાનકી એ “એસ.જી.-૨” ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ ઇ.પો.ઇ.શ્રી એમ.આર.સિંધવ ચલાવે છે.

**<u>અપમૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૫૮/૨૦૨૩</u>**

**ઇસનપુરઃ** ઇસનપુર ગોવિંદવાડી અયોધ્યાનગર ખાતે મજુરી કામ કરતા રાજેશભાઇ કેલાભાઇ ગરાસીયા (ઉ.વ.૩૬) (મુળ વતન. ગામ-જાલીમપુરા તા-સજનગઢ જી-બાંસવાડા રાજસ્થાન) તા.૦૭/૦૨/૨૦૨૩ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે ઇસનપુર ગોવિંદવાડી અયોધ્યાનગર ખાતે સેટીંગનુ કામ કરતા કરતા હતા ત્યારે નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.વાઘેલા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૫૯/૨૦૨૩</u>**

**શહેરકોટડાઃ** આશાબહેન વા/ઓ ગૌતમભાઇ દંતાણી (ઉ.વ.૪૩) (રહે. પટેલની ચાલી અનિલ સ્ટાર્ચ રોડ, સરસપુર) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૨/૨૦૨૩ સાંજના ૬/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.ગઢવી ચલાવે છે.

**વટવાઃ** રાજાભાઇ શિવાભાઇ મકવાણા (ઉ.વ.૪૩) (રહે. કુશાભાઉ ઠાકરેનગર ચાર માળીયા વટવા) એ બિમારીથી કંટાળી તા.૦૮/૦૨/૨૦૨૩ સવારના ૮/૦૦ થી બપોરના ૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હરી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.બારીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી